ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી/અધિકારી મંડળ દ્વારા સાંજે ૫.૩૦ કલાકે સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● સિધ્ધાર્થ લૉ કોલેજમાં સાંજે ૫ કલાકે કે.સી.જી. દ્વારા ત્રીપલ એ.જી.નું ઈન્સ્પકેશન યોજાશે. આ ઉપરાંત સાંજે ૬ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શહેરના પતંગ બજારમાં ૨૫ લાખનું વેચાણ થશે





ગાંધીનગર, તા.૧૦

મકરસંક્રાતિને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વને લઈ બજારોમાં પતંગના નાના-મોટા ૨૦૦ થી વધુ સ્ટોલ કાર્યરત થઈ ચુક્યા છે. શહેરના બજારોમાં દોરી-પતંગ સહિત ઉતરાયણને લગતી એસેસરીઝનું રુ.૨૫ લાખથી વધુનું વેચાણ થશે. નાના બાળકો માટે આ વર્ષે સોલાર સિસ્ટમ કેપ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. પતંગ બજારમાં ગત વર્ષ કરતા સામાન્ય તફાવત જોવા મળ્યો છે. જયારે પતંગ રસિયાઓએ રવિવારની રજા હોવાથી બજારમાં ખરીદી કરતા નજરે પડ્યા હતા.

ગાંધીનગર શહેરમાં પતંગ રસિયાઓ ઉતરાયણ પર્વની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. શહેરના આકાશમાં ઉતરાયણ પર્વમાં રંગબેરંગી પતંગોથી આકાશ ભરાઈ જાય છે અને દિવસ દરમ્યાન આકાશી યુધ્ધ ખેલાય છે. રસિયાઓ પતંગ ચગાવાની મજા સાથે ધાબા પર ઉધીયું-જલેબીની જયાફત પણ માણતા હોય છે. નાના બાળકોથી લઈ યુવાનો રંગેચંગે પર્વની ઉજવણી કરે છે. આ વર્ષે ઉતરાયણને આડે ગણ્યાં ગાંઠ્યા દિવસો બાકી રહ્યા છે. શહેરના સેકટર-૬, ૭, ૨૧, ૨૨, ૨૪ સહિત ન્યું ગાંધીનગર સહિતના વિસ્તારમાં પતંગ બજારના ૨૦૦થી વધુ સ્ટોલ કાર્યરત થઈ ચુક્યા છે. સ્ટોલ આકર્ષક પતંગો તેમજ દોરીથી તેમજ નાના બાળકો માટેની અવનવી આઈટમથી ખીચોખીચ ભરાઈ ગયેલા જોવા મળે છે. આ વર્ષે તંત્રની તવાઈને પગલે બજારમાં વેપારીઓને ત્યાં ચાઈનીઝ તુક્કલ, દોરી, તેમજ પ્લાસ્ટીકની પતંગ દુકાનમાંથી અદશ્ય થઈ ગઈ છે. બજારમાં વિવિધ બ્રાન્ડની ડબલ પોલીસવાળી દોરી રસિકોમાં ફેવરીટ બની છે. ચાલું વર્ષે બજારમા પતંગનો કોડીનો ભાવ રુ.૫૦ થી ૮૦ નો છે. ઉતરાયણમાં નાના બાળકો માટે સોલાર સિસ્ટમવાળી કેપ બજારમાં આવી છે. આ કેપ તડકામાં રાખવામાં આવે કે તરત ફેન ચાલું થઈ જાય છે સોલાર કેપ બાળકોમાં હોટ ફેવરીટ બની છે. ઉતરાયણને લગતી એસેસરીઝમાં અવનવા માસ્ક, બ્યુગલ, આફ્રિકન કેપ, લાઈટીંગ શિંગળા, ચશ્માં, સહિત નાની ફિરકી અને પતંગો ઉપલબ્ધ છે. નાના બાળકોની તમામ ચીજવસ્તું રુ.૧૦ થી લઈને ૧૦૦ સુધીમાં વેચાણ થાય છે. શહેરમાં ઉતરાયણને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તંત્રએ મોડે મોડે મંજુરી આપતા વેપારીઓમાં થોડો રોષ પણ જોવા મળ્યો છે. આજે રવિવારની રજા હોવાથી કેટલાક પતંગ રસિયાઓએ પતંગ-દોરીની ખરીદી કરતા પણ નજરે પડ્યા હતા. શહેરના બજારોમાં આગામી દિવસોમાં ભારે ભીડ જોવા મળશે.

## ફતેપુરામાં દેશી દારૂનાં બે અડ્ડાઓ પર દરોડા : બે મહિલા બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના મધ્ય વિસ્તારમાં આવેલા સેકટર-૧૫ ફતેપુરા ખાતે દેશી દારૂના ચાલતા અડ્ડાઓ પર સેકટર-૭ પોલીસે દરોડા પાડયા હતાં. ફતેપુરામાં બે સ્થળેથી દારૂ ગાળવા વપરાતો વૉશ અને દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે વૉશ અને પાંચ લીટર દારૂ જપ્ત કરીને ભીખાબેન કનુભાઈ રાવળ સહિત બે મહિલા બુટલેગરો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે બંને મહિલા બુટલેગરો ફરાર થઈ ગઈ હતી.

# શહેરના આદીવાડા ગામમાં ગંદકીનું સામ્રાજય







(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામ ગંદકીમાં ગરકાવ છે. ગામમાં અસ્હ્ય ગંદકીને કારણે ગ્રામજનો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગટરના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ઠેર-ઠેર ખાબોચીયા અને કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. આદિવાડામાં વસતા પરિવારોના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. તંત્ર સમક્ષ ગંદકીને લઈ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ ઉકેલ ન આવતા ગામલોકોમાં રોષ જોવા મળ્યો છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા પર વિશેષ ભાર મુકીને ભારતભરમાં સ્વચ્છતા અંગે કેમ્પેઈન ચલાવાઈ રહ્યું છે. ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર શહેર તેમજ પાલીકાના સમાવિષ્ટ ગામોમાં માં જ પારાવાર ગંદકી જોવા મળે છે. શહેરને સ્વચ્છ રાખવા માટે તંત્ર દ્વારા લાખો રુપીયાનો ખર્ચ કરવામાં આવે છે. છતા પણ નગરમાં સ્વચ્છતા કયાય જોવા મળતી ના હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ગામમાં પ્રવેશતા જ માર્ગો પર ઠેર-ઠેર કચરાના ઢગ તેમજ માર્ગો પર ગટરના ગંદા પાણી ફરી વળતા ખાબોચીયા ભરાયા છે. ગંદકીને પગલે ગામમાં વસવાટ કરતા પરિવારોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ગામમાં ડોર-ટુ ડોર કચરો લેવા માટે ગાડી આવતી હોવા છતા આ પરિસ્થિત ઉભી થવા પામી છે. ગ્રામજનો દ્વારા અનેકવાર આ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે. પરંતુ વર્ષોના વર્ષો વિત્યા હોવા છતા નિવેડો ના આવતા ગામલોકો રોષે ભરાયા છે. ગામમાં ગંદકી તેમજ માર્ગ, લાઈટ, પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળે છે. ગાંધીનગર મનપા સમાવિષ્ટ ધોળાકુવા, ઈન્દ્રોડા, પાલજ, ફતેપુરાસ, બોરીજ સહિતના ગામમાં આ ગંદકી તેમજ અન્ય પ્રાથમિક સુવિધાના પ્રશ્નો વર્ષોથી યથાવત રહેવા પામ્યા છે. ત્યારે ગાંધીનગરના આદિવાડા ગામની ગંદકી કયારે દુર થશે...? શહેરની આસપાસના ગામડાઓમાં શહેરીકરણ થવા પામ્યું છે પરંતુ શહેરની અંદર આવેલા ગામોની પરિસ્થિત હજુ પહેલા જેવી જ રહેવા પામી છે. આ ગામોનો તંત્ર જાણે વિકાસ કરવાની ઈચ્છા ધરાવતો ના હોય તેવું લાગી રહ્યું છે. આદિવાડાને ગંદકીમુક્ત દ્વારા કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

## સ્વ. જીવણભાઈ ચૌધરીના સ્મરણાંજલિ પ્રસંગે તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર, તા.૧૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ અને શેઠશ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૦મી જાન્યુઆરીને બુધવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સ્વ. શેઠ શ્રી જીવણભાઈ એમ. ચૌધરીની ૧૬મી પૂણ્યતિથિ નિમિત્તે સ્મરણાંજલિનો કાર્યક્રમ સેકટર-૭ જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ભજન, વ્યાખ્યાનમાળા મણકો-૪ તેમજ તેજસ્વી તારલાઓને શિષ્યવૃત્તિ અને પ્રોત્સાહિત ઈનામ વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નાયબ કમિશનર સી.આર. ખરસાણ ઉપસ્થિત રહેશે.

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીનો સ્નેહમિલન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડના દૂધ વિતરણ કેન્દ્ર સંચાલકો, ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરો, કર્મચારીઓ તેમજ બોર્ડ ઓફ ડીરેકટર્સની વિશાળ હાજરીમાં તા. ૮-૧-૨૦૧૬ને શનિવારે સાંજે ૫.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સે-૧૭ના હોલમાં સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં સમગ્ર ગાંધીનગર શહેરના દૂધ વિતરકો પરિવાર સાથે મોટી સંખ્યામાં સમારંભમાં હાજર રહ્યા હતા જયારે આ સમારોહના અધ્યક્ષસ્થાને મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તથા અતિથિવિશેષ પદે ડેરીના મેનેજીંગ ડીરેકટર રોહિત મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહની શરૂઆતમાં પઠાણકોટના શહિદોના માનમાં બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી. મંડળના ચેરમેન દિલીપસિંહ ચૌહાણે અતિથિઓનું હાર્દિક સ્વાગત કરીને મંડળીની પ્રગતિની વિસ્તૃત વિગતો રજુ કરી સમગ્ર ગાંધીનગર શહેરમાં સૌથી વધુ દૂધ વેચાણ કરવામાં પ્રથમ નંબરે આવેલા પરબતસિંહ વાઘેલા, બીજા નંબરે આવેલા ગીરીશ પટેલ અને ત્રીજા નંબરે આવેલ દશરથસિંહ વાઘેલાને મંડળી તરફથી પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. મંડળીના સિનિયર કેન્દ્ર સંચાલકો સર્વ રાજેન્દ્ર પારેખ, અલ્પાબેન અશોકભાઈ પટેલ, હેમાક્ષીબેન ભુપેન્દ્રભાઈ પટેલને શાલ ઓઢાડી સન્માનવામાં આવેલ. અધ્યક્ષસ્થાનેથી ગાંધીનગર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ કેન્દ્ર સંચાલકોની સુંદર કામગીરીને બિરદાવીને મંડળીના વિકાસ અને પ્રગતિમાં સતત સાથે રહેવાની ખાત્રી સાથે દૂધ વિતરણ વ્યવસ્થામાં સતત ઉપયોગી થવા જણાવ્યું હતું.

સમારોહની આઆભારવિધિ મંડળીના મેનેજીંગ ડીરેકટર રાજેશ પંચોલીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળીના જનરલ મેનેજર નરહરદાન ગઢવીએ કર્યું હતું. આ સમારોહમાં મંડળીના ઉપપ્રમુખ મંગળદાસ પટેલ, જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર ચંદ્રસિંહ વાઘેલા, દૂધ સમિતિના ચેરમેન રેણુકાબેન પટેલ, હિસાબ સમિતિના ચેરમેન કે.સી. શાહ તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ સુરેશકુમાર મહેતા, તેજાભાઈ દેસાઈ, પંકજભાઈ શુકલ, ઈશ્વરભાઈ પટેલ, બિપિનસિંહ વાઘેલા, કેતનકુમાર પટેલ, ગજેન્દ્રસિંહ રાઠોડ, ભાનુમતીબેન રોહિત, હસુમતીબેન પટેલ, ઉરેન પટેલ તથા નિલેશકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

● રવિવારની સવારે ટાઉનહોલ ખાતે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત જીવનનો અભિગમ વિષયે ડૉ. આઈ.કે. વીજળીવાળાનું હૃદયસ્પર્શી વકતવ્ય યોજાયું હતું. આ વ્યાખ્યાનને માણવા હોલ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો અને પ્રારંભથી અંત સુધી અભૂતપૂર્વ શિસ્ત સાથે માણી શ્રોતાઓએ છેલ્લે સ્ટેન્ડિંગ એવિએશન આપી વકતાને નવાજયા હતા.

● ડૉ. આઈ.કે. વિજળીવાળાના વ્યાખ્યાનને ગાંધીનગરના રેન્જ આઈજી હસમુખ પટેલે પણ પહેલેથી છેલ્લે સુધી માણ્યું હતું. વ્યાખ્યાન દરમિયાન યુવા શ્રોતાઓએ પણ હસતા રડતા ભાવો સાથે પોતાના મોબાઈલમાં રેકોર્ડીંગ પણ કર્યું હતું અને કાર્યક્રમ પત્યા બાદ 'સેલ્ફી વીથ વિજળીવાળા'ની તક પણ ઝડપી લીધી હતી.

● આ રવિવારનો દિવસ ગાંધીનગર અને અમદાવાદમાં અઢળક કાર્યક્રમોના આયોજન સાથેનો હતો. ઘણા નગરજનો અમદાવાદ ખાતે સાબરમતી ફેસ્ટીવલ અને પતંગ ઉત્સવને માણવા રીવરફ્રન્ટ પર પહોંચી ગયા હતા.

● ઈન્ફોસીટી નજીક કચરો વીણવાનું કામ કરતી ત્રણેક શ્રમજીવી યુવતિઓએ પોતાનું કાર્ય પત્યા બાદ ફુટપાથ પર ઉભા રહી ત્રણેયે હાથમાં ગાર્બેજ બેગ સાથે 'સેલ્ફી' લેતી નજરે ચઢી હત. 'સેલ્ફી વીથ ગાર્બેજ' લેતી આ કન્યાઓને જોઈ વાહનચાલકો અને રાહદારીઓએ ડીઝટલ ઈન્ડિયાની ફળશ્રુતિ અનુભવી હતી.

● નવા વર્ષનો ધમાકેદાર પ્રારંભ થઈ ચુકયો છે અને નગરજનોમાં હવે નવા વર્ષના કેલન્ડર્સની ભારે બોલબાલા છે. મોટી કંપનીઓના કેલેન્ડર્સ સાથે સરકારી રજાઓ દર્શાવતા સરકારી કેલેન્ડર્સની ડિમાન્ડ પણ અત્યારે ખુબ વધી જવા પામી છે.

● ઉત્તરાયણ પર્વની મૌસમ બરાબર જામી ચુકી છે અને નગરના માર્ગો પર બાળકો પતંગો લૂંટવા જોખમી દોડાદોડી કરતા જોવા મળી રહ્યા છે. ઘણા વાહનચાલકો હોર્ન વગાડી ચેતવે છે છતાં આ બાળકો પતંગ લુંટવાના આનંદમાં જીવ જોખમમાં મુકી રહ્યાં છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# સંગીતના સૂરોએ પ્રજ્ઞા ચક્ષુના જીવનમાં ઉજાસ પાથર્યો

**ગાંધીનગરના આ સંગીત શિક્ષક નિવૃત્તિ બાદ પણ પોતાની શાળાનું ઋણ ઉતારવા અને સંગીતની સાધનાને સફળ બનાવવા અન્ય સંગીત શીખતા પ્રજ્ઞાચક્ષુ બાળકોનું પથદર્શન કરી રહ્યાં છે**



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧૦

એવું કહેવાય છે કે ઈશ્વર જયારે તમારી એક શકિત છીનવી લે છે ત્યારે તમને બીજી અનેક શકિતઓથી નવાજે છે. અમદાવાદના એક સામાન્ય મીલ કામદારના આઠ વર્ષના માસુમ બાળકને શેરીમાં ભેરુ સાથે ગિલ્લી દંડા રમતા એક આંખે ગિલ્લી વાગી અને દડ દડ લોહી વહેવા લાગ્યું. બાળકને તુરંત દવાખાને લઈ જવાયો અને ડોકટર્સે આ ઈજા ગંભીર હોવાનું જણાવ્યું. આ વાત વર્ષ ૧૯૬૩ની છે જયારે મેડીકલ સાયન્સે આટલ પ્રગતિ નહોતી સાધી. પછી તો આંખનું ઓપરેશન કરાયું પરંતુ બાળક એ આંખ સદાયને માટે ગુમાવી ચુકયો હતો. વાત આટલેથી અટકી હોત તો ઠીક પણ હજુ આ ઘાની રૂઝ આવે તે પહેલા બીજી આંખને તેનો ચેપ લાગ્યો અને એક પછી એક એમ આઠ આઠ ઓપરેશનો પણ બીજી આંખ બચાવી ના શકયા. એક રૂમના ઓરડામાં સાથે જીવતા સાત સભ્યોનો શ્રમજીવી પરિવાર હતપ્રભ થઈ ગયો. બે બહેનો અને ત્રણ ભાઈઓમાંથી ચોથા નંબરના બાળકની આંખોની રોશની સદાય માટે ચાલી ગઈ હતી.

બાળકનું શાળાએ જવાનું બંધ થઈ ગયું. પણ અગાઉ કહ્યું તેમ ઈશ્વરે તેને આત્મ વિશ્વાસની ગજબની શકિત પ્રદાન કરી. એક વર્ષના ગાળા બાદ પુનઃ તેણે અભ્યાસ ચાલુ કર્યો પરંતુ હવે તેની શાળા હતી આશ્રમરોડ પરની અંધ બાળકો માટેની શાળા. ભણવામાં સતત હોંશિયાર આ બાળકની શકિતઓને પિછાણી તેના સંગીત શિક્ષક ગુરુ નામદેવ ભોગે એ. પલુસ્કર પરંપરાના જાણીતા સંગીતકાર-શિક્ષક નામદેવ ભોગેના સત્સંગથી આ બાળકનો સંબંધ બંધાયો સંગીત સાથે જે આજે ૬૨ વર્ષની તેમની ઉંમરે પણ એટલો જ તાજો અને અકબંધ છે. તે સમયની ઓલ્ડ એસએસસી એટલે કે મેટ્રીક પાસ કરતા સુધીમાં તો આ બાળકે સંગતની ગાયન વિશારદ, વાયોલીન વિશારદ અને શિક્ષા વિશારદ તમામ પદવી મેળવી લીધી હતી. મીલ કામદાર પિતાએ આ પ્રજ્ઞા ચક્ષુ બાળકને વધુ ભણાવવા પોતાની આર્થિક અસમર્થતા દર્શાવી તો એણે પિતાને બોજ બનવાને બદલે હોસ્ટેલમાં રહીને વિદ્યાભ્યાસ આગળ ધપાવ્યો હતો. સંગીતની આટલી ડિગ્રીઓ સાથે એ જમાનામાં અભ્યાસમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવી સેંટ ઝેવિયર્સ કોલેજમાં એડમિશન મેળવ્યું હતું.

લર્નિંગ સાથે હવે જરૂર અર્નિંગની પણ હતી કારણ કે દર મહિને હોસ્ટેલની મેસનું બિલ તો ભરવું પડે ને? એટલે ગાંધીનગરના મિત્ર કૈલાસ ગઢવી સાથે મળીને સે-૧૯માં સૌરભ સંગીત કલાસ ના નામથી સંગત શીખવવાનું પ્રારંભ કર્યુ. આ સંગીતના વર્ગો ચાલુ કરવા માટે તેમને ગાંધીનગરના જી.એન. ખારોડ અને હંસાબેન છાયા જેવા કલાપ્રેમીઓની મદદ પણ મળી. આ સાથે તેમણે ૧૯૭૭માં બીએ, ૧૯૭૯માં એલએલબી અને ૧૯૮૦માં સ્પેશ્યલ એલએલબી પણ પાસ કરી દીધું. વળી બીજી તરફ સંગીતની માસ્ટર ડિગ્રી સમાન 'અલંકાર' પદવી પણ મેળવી લીધી. અડગ મન અને અથાગ પરિશ્રમનો કોઈ વિકલ્પ હોતો નથી તે મુજબ તેમનો પરિશ્રમ રંગ લાવ્યો અને



૧૯૮૦માં સરકારી નોકરી મળી. આ નોકરી પણ કયાં, જયાં પોતે ભણ્યા તે જ અંધશાળામાં જ સંગીત શિક્ષક તરીકે. હવે જે ગુરુઓ પાસે પોતે ભણ્યા હતા તેમના જુનિયર બની સાથે નોકરી કરવા લાગ્યા. નોકરી મળતા નજીકના સગામાંથી છોકરી પણ મળી જે પાછી સર્વાંગી સંપૂર્ણ. બસ પછી તો વાજતે ગાજતે લગ્ન થયા. હવે સંગીત ક્ષેત્રે નામના વધી હતી તેથી કામ પણ વધ્યું હતું. ગાંધીનગરમાં પોતાનું ઘર લીધું અને કાયમી વસવાટનો નિર્ણય કર્યો. બંને મિત્રોએ પરસ્પર સંમતિથી પોતાના અલગ અલગ સંગીત કલાસ ચાલુ કર્યા. બે વર્ષમાં સે-૨૭માં વધુ સુવિધા વાળુ મકાન લઈ સંગીત સાધના વધુ ગહન બનાવી. આજે ૩૩ વર્ષની નોકરી પછી નિવૃત્ત થયા પરંતુ ગાંધીનગરના સે-૨૧, સે-૬ સહિત સે-૨૭ના નિવાસસ્થાને પોતાના સંગીતના વર્ગો દ્વારા સંગીત શીખવા માંગતા બાળકોને માત્ર નજીવી ફીના દરે તાલીમ આપી રહ્યાં છે. પોતાની નોકરીના અંત ભાગમાં પ્રિન્સિપાલ તરીકેની સંપૂર્ણ લાયકાત હોવા છતાં આંતરિક ખટપટોનો ભોગ બન્યાં. કાનૂની રાહે જંગ જીત્યા પરંતુ મનમાં કોઈ પણ ખટાશ રાખ્યા વગર આજે એજ શાળાના સંગીત વિશારદ થવા માગતા પ્રજ્ઞાચક્ષુ બાળકોને દર રવિવારે અચૂક અમદાવાદ જઈ જાતે મફત તાલીમ આપે છે.

પ્રવિણભાઈ પરમાર નામના આ પ્રજ્ઞાચક્ષુ સંગીત શિક્ષકે લખેલા પુસ્તકો સંગીતના અભ્યાસક્રમમાં વપરાય છે. પોતે નવૃત્તિમાં પણ સર્જનાત્મક પ્રવૃત્તિ કરતા તરાના, છોટા ખ્યાલ, બડા ખ્યાલ, દ્રુપદ, ધમાર ગીત, ઠુમરી ગીત વગેરેની નવી નવી શાબ્દિક રચનાઓ કરે છે. અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય ગાંધર્વ ક્રિયાત્મક પરીક્ષા લેવા પણ ગુજરાતના કોઈ પણ સ્થળે જાય છે. આજે પત્નિ સાથે ત્રણ સંતાનો, એક પુત્રવધુ તમામ સંગીત વિશારદ છે. અને તેમની નાનકડી પૌત્રી પણ પાપા પગલી સાથે સંગીતના સૂરો ગણગણી રહી છે. સંગીત સાથેના સંબંધે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં એક એવી શકિત પ્રદાન કરી કે 'એશિયા પેસિફિક હુઝ હુ' ની પ્રતિષ્ઠિત ડિરેકટરીમાં સંગીતકાર-શિક્ષક તરીકે સ્થાન મેળવ્યું છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# આર.જી. પટેલ કન્યા શાળામાં પૂજય દાસકાકા રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

આર.જી. પટેલ કન્યા અને એસ.બી. પટેલ કન્યા શાળા સેકટર-૨૩ ખાતે તાજેતરમાં દાસ કાકા રમતોત્સવનું યોજન કરવામાં આવ્યુંહતું. આ રમતોત્સવમાં લીંબુ ચમચી, ગોળા ફેંક, કોથળાદોડ, રસ્સાખેંચ અને સ્લો સાઈકલ સહિતની રમતો યોજાઈ હતી. આ રમતોમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઈનામ આપીને પ્રોત્સાહિત કરાયા હતા.

માધ્યમિક વિભાગની લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ ક્રમે જાનકી ગોસ્વામી, દ્વિતીય ક્રમે મેશ્વા પટેલ, તૃતીય ક્રમે નિકિતા રાઠોડ ગોળા ફેંકમાં પ્રથમ નિધિ ગામેતી, દ્વિતિય કેશર દેસાઈ, તૃતીય જાનવી પટેલ કોથળા દોડમાં પ્રથમ હિના મહેરિયા, દ્વિતીય પ્રિન્સિ પટેલ, તૃતીય કેરવી પ્રજાપતિ, સ્લો સાયકલમાં પ્રથમ રિફન શેખ, દ્વિતિય કિર્તીબા ગોહિલ, તૃતીય એશા પારેખ, રસ્સા ખેંચમાં પ્રથમ ક્રિમા પટેલ, દ્વિતીય અવની પટેલ, તૃતીય રીંકલ પંચોલી વિજેતા બન્યા હતા.

શાળાના ઉચ્ચ માધ્યમિક વિભાગની લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પિનલ પરમાર, બીજા ક્રમે ધારા ફેરા, ત્રીજા ક્રમે હિના જોષી ગોળા ફેંકમાં પ્રથમ ભુવનેશ્વરી ચૌહાણ, દ્વિતીય ક્રિષ્ના પટેલ, તૃતીય હિના જોષી, કોથળા દોડમાં પ્રથમ ટવીન્કલ ભાભોર, દ્વિતીય હિના જોષી, તૃતીય હેતલ રબારી, સ્લો સાયકલમાં પ્રથમ જાનકી મકવાણા, દ્વિતિય માહિમા પટેલ, તૃતીય ટવીન્કલ ભાભોર રસ્તા ખેંચમાં પ્રથમ સૃષ્ટિ સોની, દ્વિતીય ભુવનેશ્વરી ચૌહાણ, તૃતીય ક્રિષ્ના પટેલ વિજેતા બન્યા હતા આમ શાળાના બંને વિભાગમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયા હતા. આ રમતોત્સવમાં મહેમાન પદે વાઈબ્રન્ટ સાયન્ય સમિતિ ૨૦૧૬ના સભ્ય સારસ્વતભાઈ વ્યાસ તેમજ શાળાના આચાર્યા સુધાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રમત ગમત સ્પર્ધાનું આયોજન ઉવર્શીબેન જોશી, હાર્દિકભાઈ પટેલ, મહેશભાઈ ત્રિવેદી તથા પંકજભાઈ પટેલે કર્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. રેવાબેન બચુભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૦